# આ વર્ષે કપાસનું બજાર મજબૂત, ટેકાનાં ભાવથી વધારે રહેવાની સંભાવના

ભારતમાં, ચાલું વર્ષે વરસાદની વહેંચણી સમયાન્તરે અસંતુલીત રહેવાથી કપાસનું વાવેતર કરતા કેટલાક મુખ્ય પ્રદેશોમાં કપાસનું વાવેતર ઘટીને ૧૨૪ લાખ હેક્ટરમાં થયેલ હોવાનો અંદાજ છે, જે ગત વર્ષે ૧૩૧ લાખ હેક્ટરમાં થયેલ હતું. ચાલું વર્ષ ૨૦૨૧-૨૨ દરમ્યાન દેશમાં કપાસનું ઉત્પાદન ૩૬૨ લાખ ગાંસડી (રૂ) અંદાજવામાં આવેલ છે (પ્રથમ આગોતરો અંદાજ તા. ૨૧-૦૯-૨૦૨૧) જે ગત વર્ષના (૩૫૪ લાખ ગાંસડી) કરતા થોડું વધારે થશે. પરંતુ, મહારાષ્ટ્ર, મધ્ય પ્રદેશ અને ગુજરાતમાં સપ્ટેમ્બર, ૨૦૨૧ ના છેલ્લા સપ્તાહમાં પડેલ ભારે વરસાદને કારણે પાકને મોટા પ્રમાણમાં નુકસાન થયેલ છે, અને ગુલાબી ઈયળનાં ઉપદ્રવથી પણ ભારે નુકસાન થવાની ભીતિ છે. જેના લીધે ઉત્પાદન ગત વર્ષ કરતા થોડું ઓછુ થવા સંભવ છે.

ગુજરાતમાં ચાલું વર્ષે અંદાજે ૨૨.૫૬ લાખ હેક્ટરમાં કપાસનું વાવેતર થયેલ છે, જે ગત વર્ષ (૨૦૨૦-૨૧) જેટલુ જ છે અને ઉત્પાદન ૮૦.૯૫ લાખ ગાંસડી જેટલું થવાનો અંદાજ છે, જે ગત વર્ષેની સરખામણીમાં ૮ લાખ ગાંસડી જેટલું વધારે છે (૭૨.૭ લાખ ગાંસડી). પરંતુ સપ્ટેમ્બર, ૨૦૨૧ના છેલ્લા સપ્તાહમાં થયેલા નુકસાનને કારણે પ્રથમ વિણીમાં વિલંબ થવાથી ગત વર્ષની જેમ જ ઉત્પાદન ઓછું રહેશે.

અમેરીકાના કૃષિ વિભાગના અહેવાલ મુજબ વર્ષ ૨૦૨૦-૨૧માં વૈશ્વિક સ્તરે કપાસનું ઉત્પાદન ૧૫૩૧ લાખ ગાંસડી થવાનો અંદાજ છે, જે ગત વર્ષ કરતા આશરે ૯૨ લાખ ગાંસડી જેટલું વધારે થશે, જયારે વપરાશ આશરે ૧૫૮૮ લાખ ગાંસડી થવાનો અંદાજ છે, જે ગત વર્ષ કરતા ૫૭ લાખ ગાંસડી જેટલું વધારે થશે. જેના લીધે વિશ્વ બજારમાં ચાલું વર્ષે પણ કપાસના ભાવ ઉંચા રહેવાની સંભાવના છે. આ વર્ષે અમેરીકા, ચીન અને ભારતમાં કપાસનું ઉત્પાદન ઘટશે, અને પાકિસ્તાન અને તુર્કીમાં વધારે થશે. સને ૨૦૨૦-૨૧ માં દેશમાંથી ૭૧ લાખ ગાંસડી કપાસ (રૂ)ની નિકાસ થયેલ હતી, જે ગત વર્ષ (૩૯ લાખ ગાંસડી) કરતા વધારે થયેલ. આ ઉપરાંત, ચાલું વર્ષે એપ્રિલ થી જુલાઈ, ૨૦૨૧ દરમ્યાન ૨૪.૫ લાખ ગાંસડી કપાસની નિકાસ થયેલ છે.

આથી, કપાસનો ભાવ જે નવેમ્બર, ૨૦૨૦ માં મણના રૂા. ૧૦૮૦ જેટલો હતો, જે સતત વધીને માર્ચ, ૨૦૨૧ માં મણના રૂા. ૧૨૦૦ અને મે, ૨૦૨૧માં રૂા. ૧૩૦૦ અને આગળ વધીને ઓગસ્ટ, ૨૦૨૧માં મણના ૧૫૭૦ રૂપિયા થયેલ હતો. સપ્ટેમ્બર, ૨૦૨૧થી તેમાં ઘટાડો થયેલ છે અને હાલ ઓક્ટોબર, ૨૦૨૧ના બીજા સપ્તાહમાં ગુજરાતની વિવિધ બજારોમાં મણના રૂા. ૧૨૫૦ રૂપિયા જેટલા છે, જે કાપણી સમયે આ સ્તરે રહેવાની સંભાવના છે. ચાલું વર્ષ ૨૦૨૧-૨૨ માટે સરકારશ્રીએ કપાસનો ટેકાનો ભાવ મણના રૂા. ૧૨૦૫ (ક્વિન્ટલ દીઠ રૂા. ૬૦૨૫) નક્કી કરેલ છે, જે ગત વર્ષે રૂા. ૧૧૬૫ રૂપિયા હતા. ગત વર્ષે ભારત કપાસ નિગમ (સીસીઆઈ) દ્વારા ટેકાના ભાવે ૯૧.૮૯ લાખ ગાંસડી કપાસની ખરીદી કરવામાં આવેલ, જે પૈકી ૪.૧૫ લાખ ગાંસડી ગુજરાતમાંથી ખરીદવામાં આવેલ.

ઉપરોક્ત વિગતોને ધ્યાનમાં લઈ, કૃષિ અર્થશાસ્ત્ર વિભાગ, જૂનાગઢ કૃષિ યુનીવર્સીટી, જૂનાગઢની સંશોધન ટીમે ગોંડલ અને રાજકોટ માર્કેટિંગ યાર્ડનાં કપાસના ઐતિહાસિક માસિક ભાવનું વિશ્લેષણ કરેલ છે. જેના તારણ મુજબ એવું અનુમાન છે, **કે કપાસ નો ભાવ નવેમ્બર, ૨૦૨૧ થી જાન્યુઆરી ૨૦૨૨ દરમ્યાન (કાપણી સમયે) મણનાં રૂા. ૧૨૬૦ થી ૧૪૦૦ (ક્વિન્ટલ દીઠ રૂા.૬૩૦૦-૭૦૦૦) જેટલા રહેવાની સંભાવના છે.** જેથી ઉપરોક્ત બાબતો અંગેની નોંધ લઈ કપાસનો સંગ્રહ કરવા તેમજ જાન્યુઆરી, ૨૦૨૨ પછી વેંચાણ કરવા ખેડૂતભાઈઓ પોતાની રીતે નિર્ણય કરી શકે છે. જયારે બજારમાં દૈનિક એક લાખ ગાંસડીથી વધારે કપાસની આવક થાય ત્યારે ભાવ આ સપાટીથી નીચા જાય તે સમયે જે ખેડૂતભાઈઓ લાંબા ગાળા માટે સંગ્રહ ન કરી શકે, તેવો પણ થોડા દિવસ બજાર સુધરવાની રાહ જૂવે.

જો નિકાસની સારી તકો જળવાઈ રહેશે અને વૈશ્વિક સ્તરે વપરાશમાં વધારો થશે તો ભવિષ્યમાં કપાસના ભાવમાં વધારો થવાની શક્યતા છે.